ORIGINAL RESEARCH PAPER

Language

KEY WORDS: માનસશાસ્ત્રીય પાત્રચિત્રણ, પરિવેશ અને વિષયવસ્તુ, જકસ્ટાપોઝ, સૂક્ષ્મ સંકેતો, નારી મનની સંકુલતા, સર્વજ્ઞનું કથનકેન્દ્ર.

# STRINA MANNI MEDINI VAARTA: 'VACHALI MEDI'

**Dr. Hirendra Pandya**

**ABSTRACT**

પન્ના ત્રિવેદી 'વચલી મેડી' વાર્તામાં નારીના મનનાં સંકુલ સંવેદનોને આલેખે છે. ડંખીલી વાણીવાળી વિધવા સાસુ બાજી, નખરાળી નણંદ બિંદુ અને ઓછાબોલી વિધવા વહુ ચંદન – આ ત્રણ સ્ત્રીઓના મનોજગતને કલાત્મક રીતે રજૂ કરતી 'વચલી મેડી' વાર્તા પરિવેશ, પાત્રચિત્રણ, સંવાદ અને સૂક્ષ્મ સંકેતોના લીધે આસ્વાદ્ય બની છે. બાજીનો બબડાટ અને ચંદનનું મૌન- આ બે વચ્ચેના વિરોધથી વાર્તા રચાય છે. બાજીના બબડાટ પાછળ તેનો વસવસો, આક્રોશ અને અધૂરી ઈચ્છાઓ છે. જ્યારે ચંદનના મૌન પાછળ તેનું દ્રઢ મનોબળ અને પ્રેમની ઝંખના છે. મેડીનો પરિવેશ, સંવાદ, સૂક્ષ્મ સંકેતો અને એથીય વિશેષ તો સ્ત્રીના મનનું કલાત્મક એવું નિરૂપણ આ વાર્તાના વિષયને આસ્વાદ્ય બનાવે છે.

વાર્તાકાર પન્ના ત્રિવેદીની અનેક વાર્તાઓમાં સ્ત્રીના પ્રશ્નો, સમસ્યાઓ, સંવેદનો આલેખાયા છે. સમકાલીન રાજકીય-સામાજિક પ્રશ્નો અને તેમાંય સ્ત્રીના દૃષ્ટિકોણનું નિરૂપણ તેમની ઘણી ખરી વાર્તાઓમાં જોવા મળે છે. અમોલી, બેલ્લી, પમ્મી, સુજાતા જેવાં સ્ત્રી પાત્રો તેમની કલમે જીવંત બન્યા છે. 'વચલી મેડી' પન્ના ત્રિવેદીની આ બધી વિશેષતાઓથી મુક્ત (જરા હટકે) એવી વાર્તા છે. ડંખીલી વાણીવાળી વિધવા સાસુ બાજી, નખરાળી નણંદ બિંદુ અને ઓછાબોલી વિધવા વહુ ચંદન – આ ત્રણ સ્ત્રીઓના મનોજગતને કલાત્મક રીતે રજૂ કરતી 'વચલી મેડી' વાર્તા પરિવેશ, પાત્રચિત્રણ, સંવાદ અને સૂક્ષ્મ સંકેતોના લીધે આસ્વાદ્ય બની છે.

વાર્તાનું કથાવસ્તુ કઈંક આ પ્રમાણે છે. પંચાવન વર્ષની શરીરથી રૂપાળી અને કડવી વખ જીભ ધરાવતી વિધવા બાજી ત્રણ માળનાં મકાનમાં વચલા માળે વિધવા મોટી વહુ ચંદન અને બે વર્ષથી સાસરેથી પરત આવેલી દીકરી બિંદુ સાથે રહે છે. બાજીની દઝાડતી વાણીથી ચંદન અને બિંદુની સવાર પડે છે. બિંદુ બાજીને સામો જવાબ આપી દે પરંતુ ચંદન ક્યારેય સામે બોલતી નથી. દીકરાના અવસાન પછી બાજીએ ચંદનને સીવણકામ શીખવા મોકલી હતી. ચંદન સિલાઈ કરીને બાજી અને બિંદુનું પેટ ભરતી રહે છે. બાજીના બાકીના બંને દીકરા અનુક્રમે ઉપર અને નીચેના માળે રહે છે. તેમની પાસેથી પણ બાજી ઘરભાડું વસૂલે છે. તેમની નીરસ દિનચર્યામાં સુનિલના આગમનથી પરીવર્તન આવે છે. મેડીની પાછલી બારીની સામે જ સુનિલનું ઘર છે. સુનિલનો બાપ યશપાલ અને બાજીના પતિ બંને ગાઢ મિત્રો હતા. વિધવા બાજીને યશપાલ ગામતૂ હતો પરંતુ યશપાલના મૃત્યુ પછી તેની પત્નીએ બાજી સાથે સંબંધ તોડી નાંખ્યો હતો. સુનિલ સામે ચાલીને બાજીને મળવા માટે આવે છે. બિંદુને સુનિલ તરફ આકર્ષાતી જોઈ બાજી મનોમન ખુશ થાય છે. એક દિવસ ચંદન બાજીને ખબર આપે છે કે સુનિલ આવી રહ્યો છે તેને તેડવા અને તે જઈ રહી છે, છડેચોક. બાજી તેના પર વિશ્વાસઘાતનો આરોપ મૂકે છે અને મૃત દીકરાની યાદ આપાવે છે ત્યારે ચંદન કહે છે, દીકરાને તો ગમ્યું જ હોટ ને વળી, સુનિલ 'આખરે યશપાલનો છોકરો છે. સંતાડીને કશું શું કામ કરે. હેં ને બાજી?' બાજીના ઊતરી ગયેલા ચહેરાને આવક રીતે જોતી બિંદુ ઊભી છે ત્યાં વાર્તા પૂરી થાય છે.

વાર્તાના આરંભથી ત્રણેય સ્ત્રીઓના મનોભાવ ઝીણાં ઝીણાં સંકેતો વડે વાર્તાકાર ગૂંથે છે. વાર્તાનો આરંભ સૂચક છે.

'તો પણ ચંદને સાસુની તેજ ફટકારને સાંભળી ન સાંભળી કરી. પાછલી બારી ખોલી નાંખી.' (પૃ-૨૨)

પ્રથમ વિધાન જ વાર્તાના અંત તરફ સંકેત કરી દે છે. બારી ઉઘાડવાની ચેષ્ટા ચંદનની મોકળાશની ઝંખના, સુનિલ પ્રત્યેનું આકર્ષણ, તેની દૃઢતા તો સૂચવે છે સાથે જ બાજીની ચંદનને પૂરી રાખવાની. (ખરું કહીએ તો પ્રેમથી દૂર રાખવાની) વૃત્તિ સૂચવે છે.

બારી જેવો જ બીજો મહત્ત્વપૂર્ણ સંકેત બારી પાસે બેઠેલા મધનો છે. એક તરફ મધમાખીનો ડંખ બાજીની ડંખીલી વૃત્તિ સૂચવે છે. બીજી તરફ મધ ચંદનના હૃદયમાં જન્મેલી સ્નેહની ભાવના દર્શાવે છે. બારી ખોલ્યાની વાતે બિંદુ માની ઠેકડી ઉડાવતાં કહે છે,

'બાજીની આંખ જોઈને બિચારી મધમાખીઓ થથરી થથરીને જ મરી જશે ને નંઈ મરે એ બધી પૂડામાંથી પડતું મૂકીને આપઘાતે મરશે... એમના ડંખથીય ખતરનાક આ બાજીનો ડંખ છે.' (પૃ-૨૩)

માખીઓ મધપૂડો વધારતી જાય છે એમ કહેતી બિંદુને ચંદન જવાબ આપે છે કે 'તે વધારતી જ જાયને, મધ ક્યાં ઠાલવે બિચારી!' ચંદનની ભીતર એકઠો થયેલો સ્નેહ, તેની માતૃત્વની ઝંખના – બંને બાબતો અહીં સૂચવાય છે.

બારી બહાર પડતો મધપૂડો, મેડીનો ઈતિહાસ, વચલા માળની ત્રણ સ્ત્રીઓની જિંદગી અને બાજીની ગાળોથી ભરેલી ભાષા – આ બધાં વડે વાર્તાનો પરિવેશ બંધાયો છે. સર્વજ્ઞનું કથનકેન્દ્ર ધરાવતી આ વાર્તામાં કથક મેડીની ભૂગોળ અને મેડીનો ઈતિહાસ કંઈક આ મુજબ કહે છે,

'આખી ગલીમાં એક બાજીનું જ ઘર હતું જે બીજાં બધાં ઘર કરતાં અલગ પડી જતું. કેમ કે ગલીનાં બાકી ઘરોને વધારેમાં વધારે બે મેડીઓ હતી પણ બાજીનું ઘર તો ત્રણ મેડીઓ વાળું હતું અને દરેક મેડીની ત્રણેય બાજુએ ઝરૂખા જેવી મોટી મોટી બારીઓ પડતી હતી. એક બારીમાંથી બજારની ધમધમી દેખાતી, બીજી બાજુની બારીમાંથી લીલાના ઘરની ધાબાધાબી દેખાતી હતી અને ત્રીજી બારી જે પાછલી બાજુએ પડતી હતી તેની સામેના ઘરમાં યશપાલની વિધવા રહેતી હતી. બાજીને તે દીઠી નહોતી ગમતી. યશપાલ જીવતો હતો ત્યાં સુધી બંને ઘરો વચ્ચે એવો ઘરોબો હતો કે કોઈ અજાણ્યું તો આંખ મીંચીને એમ જ કહે કે આ બે ઘરો નહીં પણ એક જ ઘર છે. જો કે યશપાલની વહુને તે વખતે પણ બાજી આંખના કણા કણાની જેમ ખૂંચતી; પણ યશ્પાલનો કડપ જોઈ, ગમ ખાઈ જતી... જો કે, જ્યારે યશપાલ મરી ગયો ત્યારે બાજી પણ અંદરથી બીજી વારની મરી ગયેલી.' (પૃ-૨૪,૨૫)

બાજીનું પાત્ર રસપ્રદ બન્યું છે. વાર્તાના આરંભથી સતત ચૂપ જોવા મળતી ચંદન વાર્તાના અંતે બાજીને જડબાતોડ જવાબ આપે છે. બાજીના સતત

બબડાટની સામે ચંદનના મૌન વડે વાર્તાકારે વિરોધ રચ્યો છે. કથકની ટિપ્પણીઓ વડે બાજીનું પાત્ર વિકસ્યું છે. કથકની કેટલીક ટિપ્પણીઓ જોઈએ.

'બાજી ભાંડવામાં ખેલાડી હતી અને ચંદન સાંભળવાની આદી.' (પૃ-૨૨)

'તેના ચહેરા પર હંમેશા એક માથાભારે આદમીની તુમાખી પથરાયેલી રહેતી.' (પૃ-૨૬)

'કહેનારાં તો બાજી માટે કહેતા, મરદ બનાવતાં ભગવાનથી ભૂલભુલમાં બાઈ બની ગઈ હશે.' (પૃ-૨૬)

'બાજી મેડીએ હોય ત્યારે તો વચલી મેડી અકારણ શ્વાસની હવાથી પણ કંપ્યા કરતી.' (પૃ-૨૭)

'કમજાત, ખબર પણ છે તને? મધ બેઠું છે બારી ઉપરે. રાંડ, તું તો એમ જ ઈચ્છે છે ને કે બાજી મરી જાય.' (પૃ-૨૨)

'પેટની જણી થઈને છાતીએ મગ દળવા બેઠી છે કમજાત કંઈની! મૂઈ આ છાપરીવાળીની વાદે ચાલીશ તો લૂલી કરી નાંખીશ જીભડી તારી.' (પૃ-૨૩)

'રાતદિવસ બસ છછુંદરીઓના ચોંચલાવેડા. ધમ્મરઘોડા આખા ઘરમાં ચોગડદમ ફર્યા જ કરે!' (પૃ-૨૩)

'એ તારી ઉંમરની હતી ને ત્યારે આ મોટી મોટી આંખોમાં આમ મેંશ આંજુંને ગલીનું લોક બહાર... કાચ જેવી કાયા હતી તારી બાજીની.' (પૃ-૨૪)

'મરેલીઓ, આ બાજુ આવો તો જરી. કોણ હગલો ઊભો છે તમારો?' (પૃ-૨૫)

'કુલટા, છાપરીમાંથી મેડીઓ લાવ્યો મારો છોકરો, ને મેડી પર જ કલંક લગાડતા જીવ કેમનો ચાલ્યો તારો પાપણી?' (પૃ-૩૦)

આખી વાર્તામાં બાજી રાંડ, કમજાત, પાપણી જેવાં શબ્દો ચંદન અને બિંદુને બોલતી જોવા મળે છે. બાજીના સંવાદોને માનસશાસ્ત્રીય રીતે તપાસીએ તો તેમાં રૂપનું અભિમાન, અકાળે વિધવા થયાનો આક્રોશ પણ જોઈ શકાય. યશપાલ સાથેના સુંવાળા સંબંધના સંકેતો બાજીના રંગીલા મિજાજને સૂચવે છે. એ સંબંધ કેટલો ઊંડો ઊતર્યો હશે એનો ખ્યાલ બાજીના સુનિલ સાથેના પ્રેમાળ વર્તનમાંથી મળી રહે છે. સુનિલ સામે તેની વાણી મધમીઠી બની જાય છે. એટલું જ નહીં સુનિલના આગમન પછી બાજીના કપડાંનો રંગ પણ બદલાવા માંડે. સફેદના બદલે આછો ક્રીમ, ગુલાબી, ભડકાઉ ગુલાબી બ્લાઉઝ અને ફૂલોની ભાતવાળી ચાદર બાજીના માનસ પરિવર્તનને દર્શાવે છે. બિંદુ પણ સુનિલ તરફ આકર્ષાય છે. તે સ્પષ્ટ શબ્દોમાં સુનિલ પ્રત્યેના આકર્ષણને વ્યક્ત પણ કરે છે. ચંદનનું આકર્ષણ વાર્તાકારે નાનકડી ચેષ્ટાઓ વડે દર્શાવ્યું છે.

'તેણે પાછળ વાળીને જોયું કે બાજીનું ધ્યાન સોપારી કાપવામાં લાગેલું હતું. તેણે જલદી જલદી બારી બહાર સહેજ આગળની તરફ ઝૂકીને તાજી હવા લેવાનો પ્રયાસ કરી લીધો. આંખ મીંચીને એક ક્ષણ સુખનો અનુભવ કર્યો અને બીજી જ ક્ષણે આંખ ખોલી ત્યાં તો લજ્જા અને ભયની મારી તેની નજર ઢળી ગઈ.' (પૃ-૨૫)

બંધિયાર મેડીનો પરિવેશ અને એમાં તેનું બારી બહાર ઝૂકી તાજી હવા લેવું – પ્રેમના આગમનને સૂચવે છે. સ્વભાવે તોછડી એવી બાજીની રોજની કચકચ, બિંદુના લટકાં-નખરાં અને પોતાની એકલતા, માતૃત્વની ઝંખના – આ બધું જ વચલી મેડીની આબોહવામાં ભળેલું છે. બીજો સંકેત સુનીલ ઘરે આવે છે ત્યારે મળે છે. સિલાઈ કામ કરતી ચંદનની નાનકડી ચેષ્ટા જુઓ.

'એક ખૂણે, ચંદન જૂનાં છાપાં પર કાપડ મૂકીને બ્લાઉઝનું કટિંગ કરતી હતી. તેની આંગળીઓ કાપડ પર ફરતી હતી. સાદું રૂબિયાનું કાપડ હતું. તોય જાણે મલમલનું હોય એવું લાગ્યું. ક્યાંય સુધી એ કાપડ પર પોતાની આંગળીઓ ફેરવતી રહી.' (પૃ-૨૮)

ગરીબ ઘરની વહુ હોવાને લીધે ચંદનને 'છાપરાવાળી' કહી બાજી અપમાનિત કરતી રહે છે. દીકરાએ બાજીની મરજી વિરુદ્ધ ચંદનને પસંદ કરી હતી. સતત ચૂપ રહેતી ચંદન હસતી વેળાએ નાક પર હાથ રાખીને હશે છે. બાજી બિંદુ જોડે સુનિલનો સંબંધ બંધાય એમ ઈચ્છે છે પરંતુ સુનિલ ચંદનને પસંદ કરે છે. એ વેળાએ ચંદન બાજીને રોકડું પરખાવતાં કહે છે,

'બીજી કોઈ હોત તો કાતરથી વેતરી નાખી હોત તમારી જીભ! ને કઈ મેડીની વાત કરો છો તમે? જીવતેજીવ માણસ અવગતિયો બનીને ભમ્યા કરે એ મેડી? તમારો છોકરો જીવતો હતો ત્યારે પણ તેણે મારા સુખનો વિચાર કર્યો હતો અને અત્યારે પણ તેણે મારા સુખનો જ વિચાર કર્યો હોત. ને ધાર્યું હોત ને બાજી, રાતના અંધકારમાં ક્યાંય નીકળી ગઈ હોત પણ એમ મોં ઢાંકીને નહોતું જવું, કહીને જવું હતું છડેચોક.' (પૃ-૨૩)

નવલિકા એ સંગોપાનની કળા છે. વળી, પાત્રચિત્રણ વખતે વાર્તાકારે પાત્રના વાણી-વર્તનમાં આવતા પરિવર્તન પાછળના કારણો દર્શાવવા તો પડે જ. ચંદનની હિંમત ખૂલવા પાછળ સુનિલનો પ્રેમ છે પણ બાજીના ચૂપ થવાનું કારણ શું? વિધવા ચંદને કરેલો યશપાલનો ઉલ્લેખ? ના. બાજી એ વાતે ગભરાય તેવી નથી. મૂળ તો સુનિલમાં બાજી યશપાલને જુએ છે. તેથી જ તે બિંદુ સાથે તેનો સંબંધ ઈચ્છે છે પરંતુ સગા છોકરાની જેમ જ યશપાલનો છોકરો ચંદનને પસંદ કરે છે એ વાતનો આઘાત અને સાથે જ હજુ સુધી બાજી યશપાલની મોહિનીમાંથી મુક્ત થઈ નથી. તેથી જ તે સુનિલના નિર્ણયને સ્વીકારે છે, ચંદનના નહીં. આથી તે ચૂપ રહે છે. જો બાજી ચંદનની સામે બોલત તો એ પરોક્ષ રીતે યશપાલના નિર્ણયનો વિરોધ હોત. સ્ત્રી મનની અકળ ગતિવિધિ અહીં વાર્તાકારે માનસશાસ્ત્રીય રીતે ઝીણવટપૂર્વક આલેખી છે. તેથી જ વાર્તાનો અંત ચોંટાડેલો લાગતો નથી.

આરંભે બાજી બોલે છે અને ચંદન ચૂપ હોય છે. જ્યારે અંતે ચંદન બોલે છે અને બાજી ચૂપ થઈ જાય છે. આ પરિવર્તન પણ યોગ્ય છે. બાજીના સંવાદો કરતાંય વજનદાર છે ચંદનની ચેષ્ટાઓ. બાજીના બબડાટ પાછળ તેનો વસવસો, આક્રોશ અને અધૂરી ઈચ્છાઓ છે. જ્યારે ચંદનના મૌન પાછળ તેનું દ્રઢ મનોબળ અને પ્રેમની ઝંખના છે. પરિવેશ, સંવાદ, સૂક્ષ્મ સંકેતો અને એથીય વિશેષ તો સ્ત્રીના મનનું કલાત્મક એવું નિરૂપણ આ વાર્તાના વિષયને આસ્વાદ્ય બનાવે છે.

## સંદર્ભ:

૧. 'સાતમો દિવસ', પન્ના ત્રિવેદી, રન્નાદે પ્રકાશન, ૨૦૧૬.